અપીલ અરજી નં.૧૯ તા.૧૭–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી એમ કે. સોલંકી

સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી એમ કે. સોલંકીની આઈ ડી.નં.૪૨૫ તા.૨૮–૧૨–૦૭ની તથા આઈ ડી. નં.૫૮૬ તા.૧૬–૪–૦૮ ની અરજીથી માંગેલ માહિતી પૈકી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૮૬ તા.૧૯–૫–૦૮ ની ક્રમ નંબર ૭ ના જવાબ કયારે આપ્યો તેના હસ્તાક્ષરની પુરાવાની નકલની માંગણી કરેલ છે આમ સદર પત્રમાં જણાવેલ માહિતી તેમને નહીં મળ્યાની રજૂઆત બાબતે પુરાવા આપવા બાબતે માહિતી મોકલ્યાના આધારની માંગણી બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૭–૪–'૦૯ ની અપીલ અરજી નં.૧૯/૨૦૦૯–૧૦

શ્રી એમ કે. સોલંકીની આઈ ડી.નં.૪૨૫ તા.૨૮–૧૨–૦૭ની તથા આઈ ડી. નં.૫૮૬ તા.૧૬–૪–૦૮ ની અરજીથી માંગેલ માહિતી પૈકી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૮૬ તા.૧૯–૫–૦૮ ની ક્રમ નંબર ૭ ના જવાબ કયારે આપ્યો તેના હસ્તાક્ષરની પુરાવાની નકલની માંગણી કરેલ છે આમ સદર પત્રમાં જણાવેલ માહિતી તેમને નહીં મળ્યાની રજૂઆત બાબતે પુરાવા આપવા બાબતે માહિતી મોકલ્યાના આધારની માંગણી બાબતે લગભગ ૧૧ માસ કરતાં પણ વધુ વિલંબથી એપેલેટ ઓફિસરને તા.૧૭–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા ઈ.ઝેડ/આરટીઆઈ/૫૮૬ તા.૧૯–૫–૦૮ ની નકલ તથા તેના વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭ તા૨૪–૪–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન) તથા અરજદારને આધાર અને વાજબીપણા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૨૫ તા.૪–૫–૦૯ થી અત્રેના વિભાગને વિગતો મળેલ છે. જયારે અરજદાર તરફથી આધાર અને વાજબીપણા અંગે અરજદારને પત્ર પાઠવી તક આપવા છતાં કોઈ વિગતો રજૂ કરેલ નથી.

અરજદારની આઈ ડી.નં.૪૨૫ તા.૨૮–૧૨–૦૭ની તથા આઈ ડી. નં.૫૮૬ તા.૧૬–૪–૦૮ ની અરજીથી માંગેલ માહિતી પૈકી અરજદારની તા.૧૬–૪–૦૮ ની અરજીના મુદ્દા નં.૭ રૂ.૧૪/– તા.૭–૨–૦૮ ના રોજ જમાં કરાવેલ છે તેનો જવાબ આપેલ નથી તેવું જણાવી અરજદારે લગભગ ૧૧ માસ કરતાં પણ વધુ વિલંબથી અપીલ અરજી કરેલ છે. અરજદારની વિલબંના કોઈ પણ વાજબીપણા વિનાની કલમ–૧૯(૧) હેઠળની અપીલ ગ્રાહય રાખવા પ્રથમદર્શી કોઈ કારણ જણાતું ન હોઈ અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં અરજદારની મુદ્દા નં.૧ ની આકારણીના નિયમ અને કાનૂનની જાણકારી બાબતની માહિતી માંગણી જે કલમ–૪ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય આવે તે તથા અરજદારે ભરપાઈ કરેલ દસ્તાવેજ ફી સાથે આરટીઆઈ કાયદાની કલમ–૨૫ (૩) (એફ) ની જાહેર સત્તામંડળ ધ્વારા કાયદાના હાર્દ અને હેતુ અપનાવવા તથા અમલી કરણ સંદર્ભે પ્રયત્નોની જોગવાઈ ધ્યાને લઈ અપીલ ગ્રાહય રાખવામાં આવે છે. અરજદારને ઈ.ઝેડ/આરટીઆઈ/૪૨૫ તા.૨૨–૧–૦૮ થી રૂ.૧૪/– ભરી માહિતી મેળવવા જણાવેલ. જે અરજદારે તા.૭–૨–૦૮ ના રોજ રસીદ નં.૯૨૨૨૮૪ થી ભરપાઈ કરેલ હોવાનું અરજદારે જણાવેલ છે જેનો ઈન્કાર પ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી કરેલ નથી. જે અંગે નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૮૬ તા.૧૯–૫–૦૮ થી અરજદારને માહિતી પૂરી પડાયેલ છે. જેમાં મુદ્દા નં.૭ અંગે આરટીઆઈ નં.૪૨૫ ની માહિતી તા.૨–૯–૦૮ ના રોજ વરાછા આરટીઆઈ સેલ મારફત પૂરી પડાયેલ છે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે જવાબ મળેલ નહીં હોવાથી અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૨૫ તા.૪–૫–૦૯ થી પુનઃ જવાબની માહિતી પાના નંબર ૧ થી ૮ ના બિડાણ સહ મોકલ્યાની નકલ અત્રે રજૂ કરેલ છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ ડી.નં.૪૨૫ તા.૨૮–૧૨–૦૭ની તથા આઈ ડી. નં.૫૮૬ તા.૧૬–૪–૦૮ ની અરજીથી માં ગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૭ અંગે નહીં મળેલ માહિતીમાં કરેલ અપીલઅંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૨૫ તા.૪–૫–૦૯ થી પુનઃ નકલ મોકલવામાં આવેલ હોય હવે અપીલ અંગે કંઈ કરવાનું રહેતું નથી તેની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૫ – ૦૯

ડે.***કમિશ્નર (જનરલ),***

અ***ને એપેલેટ ઓફિસર***

***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, વરાછાઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી એમ કે. સોલંકી, કેર ઓફ સિધ્ધાર્થ સિન્થેટીક, દુકાન નં.૧૨૭, પાર્કીગ પ્રોજેકટ, સુરત ટેક્ષટાઈલ માર્કેટ રીંગરોડ, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.